## // આંક-૪૧ લગત હુકમ //

(૧) અરજી વંચાણે લીધી તથા કેસનું રેકર્ડ વંચાણે લીધું. સબબ કામ છેલ્લી બે મુદતથી આરોપીઓનું વિશેષ નિવેદન નોધવા માટે રાખેલ હોવા છતાં આજરોજ આરોપીઓ કોર્ટ સમક્ષ તેમનું વિશેષ નિવેદન નોધાવવા માટે હાજર રહેલ નથી. આમ, નામદાર સેશન્સ કોર્ટે ક્રીમીનલ રીવીઝન અરજી નં.૫૯/૨૦૨૬ ના કામે આરોપીઓને ટ્રાયલ કોર્ટને કેસની કાર્યવાહીમાં સહકાર આપવા માટે હુકમ કરેલ હોવા છતાં આરોપીઓ તરફથી સદરહુ કેસના કામે કોર્ટને સહકાર આપવામાં આવતો નથી.

(૨) આજરોજ સબબ કામે આરોપીઓ તેમજ તેમના વિદ્વાન વકીલ શ્રી હાજર નથી.

(૩) સબબ કામે કેસનું રેકર્ડ વંચાણે લેતા આ કામે આરોપીઓના વિદ્વાન વકીલ શ્રી દ્વારા ફરીયાદીની ઉલટતપાસ ન કરવામાં આવતા તેમનો ઉલટતપાસ કરવાનો હક્ક બંધ કરવામાં આવેલ. ત્યારબાદ આરોપીઓનો ઉલટતપાસ કરવાનો હક્ક ન્યાયના હિતમાં ખુલ્લો કરવામાં આવેલ અને તા.૧૦/૦૨/૨૦૨૬ ના રોજ આરોપીઓ તર્ફે ફરીયાદીની ઉલટતપાસ શરૂ કરવામાં આવેલ અને કોર્ટ સમય પૂર્ણ થતા સબબ કામ તા.૧૧/૦૨/૨૦૨૬ ના રોજ ફરીયાદીની વધુ ઉલટતપાસ માટે રાખેલ હોવા છતાં તે દિવસે આરોપીઓના વિદ્વાન વકીલ શ્રીએ ફરીયાદીની વધુ ઉલટતપાસ માટે મુદત અરજી રજુ કરવામાં આવતા તે અરજી કોર્ટ દ્વારા નામંજુર કરવામાં આવેલ. ત્યારબાદ આ કામના આરોપીઓએ નામદાર સેશન્સ કોર્ટમાં ક્રીમીનલ રીવીઝન અરજી નં.૫૯/૨૦૨૬ ની દાખલ કરેલ જે અરજી નામદાર સેશન્સ કોર્ટે આરોપીઓએ ટ્રાયલ કોર્ટને કેસના ટ્રાયલ દરમ્યાન સહકાર આપવાની શરતે અને ફરીયાદીની વધુ ઉલટતપાસ દીન-૧૦ માં પૂર્ણ કરવાની શરતે મંજુર કરેલ. ત્યારબાદ તા.૦૨/૦૩/૨૦૨૬ ના રોજ આરોપીના વિદ્વાન વકીલ શ્રી દ્વારા ફરીયાદીની વધુ ઉલટતપાસ શરૂ કરવામાં આવેલ. ત્યારબાદ આરોપીના વિદ્વાન વકીલ શ્રી દ્વારા વધુ ઉલટતપાસ માટે મુદતની માંગણી કરતા સદરહુ કેસનું કામ તા.૦૩/૦૩/૨૦૨૬ ના રોજ ફરીયાદીની વધુ ઉલટતપાસ માટે રાખવામાં આવેલ. પરંતુ તા.૦૩/૦૩/૨૦૨૬ ના રોજ ફરીયાદી વધુ ઉલટતપાસ માટે

હાજર હોવા છતાં આરોપીઓના વિદ્વાન વકીલ શ્રી દ્વારા ફરીયાદીની વધુ ઉલટતપાસ માટે મુદતની માંગણી કરતા તે અરજી નામંજૂર કરવામાં આવેલ અને આરોપીઓને તા.૦૯/૦૩/૨૦૨૬ ના રોજ તેમનું વિશેષ નિવેદન નોધાવવા માટે હાજર રહેવા માટે સુચના આપવામાં આવેલ. તેમ છતાં તા.૦૯/૦૩/૨૦૨૬ ના રોજ આરોપીઓ કોર્ટ સમક્ષ ગેરહાજર રહેલ. જેથી સદરહુ કેસનું કામ આજરોજ આરોપીઓનું વિશેષ નિવેદન નોધવા માટે રાખવામાં આવેલ છે. પરંતુ આજરોજ પણ આરોપીઓ તેમનું વિશેષ નિવેદન નોધાવવા માટે કોર્ટ સમક્ષ હાજર રહેલ નથી. આરોપીઓના વિદ્વાન વકીલ શ્રી દ્વારા આરોપીઓની ગેરહાજરી અંગે હાલનો જે મુક્તિ રીપોર્ટ રજુ કરેલ છે તે મુક્તિ રીપોર્ટમાં આરોપીઓની ગેરહાજરી અંગે જે કારણ જણાવેલ છે તે યોગ્ય અને સંતોષકારક જણાઈ આવતું નથી. ઉપરના એકંદર સંજોગોમાં આરોપીઓની હાલની અરજી નામંજૂર કરવામાં આવે છે અને આંક-૧ લગત કરેલ હુકમ અન્વયે આરોપીઓનો વિશેષ નિવેદન નોધાવવા માટેનો હક્ક આથી બંધ કરવાનો હુકમ કરવામાં આવે છે.

તારીખ:૧૧/૦૩/૨૦૨૬
અમદાવાદ.

Digitally signed by
CHAITANYAKUMAR GOPALDAS DESAI (GJ01211)
on 11/03/2026 16:04:24 IST.

**(ચૈતન્યકુમાર ગોપાલદાસ દેસાઈ)**
પ્રીસાઈડીંગ ઓફીસર
SARAS N.I. Court No.1
CJM Courts, Ahmedabad City
Code No. GJ 01211